## (૬) ટ્રેક નં. ૧૫ સંવર, નિર્જરા, મોક્ષ વિષે

✿ આત્મા વ્યવહારે પર્યાયમાં કર્મથી બંધાયેલો છે એમ કહેવાય. તો બંધથી છૂટવાનો માર્ગ સંવર, નિર્જરા, મોક્ષ કેવો હોય? સાંભળીએ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી.

✿ માંગલિક

✿ ભક્તિ : શીતલ સમકિત કિરણે ફૂટે, સંવરસે જાગે અંતર્બલ,
ફિર તપકી શોધક વહ્નિ જગે, કર્મોંકી કડિયાँ તૂટ પડે,
સર્વાંગ નિજાત્મ પ્રદેશોસે, અમૃતકે નિર્ઝર ફૂટ પડે,
હમ છોડ ચલે યહ લોક તભી, લોકાંત બિરાજે ક્ષણમેં જા,
નિજલોક હમારા વાસા હો, શોકાંત બને ફિર હમકો ક્યા?
જાગે મમ દુર્લભ બોધિ પ્રભો, દુર્નયતમ સત્વર ટલ જાવે,
બસ! જ્ઞાતા દૃષ્ટા રહ જાઉં, મદ મત્સર મોહ વિનશ જાવે.

✿ શુદ્ધાત્મામાં અંદર ઠરે છે એટલી તો સંવર દશા છે અને એ ઉપરાંત તે કાળે શુદ્ધિની ઉત્પત્તિ થઈ છે તે સંવર અને શુદ્ધિની વૃદ્ધિ થાય તે નિર્જરા. નિર્જરાના ત્રણ પ્રકાર છે. એક-કર્મ નિર્જરે એને નિર્જરા કહેવાય- અસદ્‌ભૂત વ્યવહાર નયથી. એક અશુદ્ધતા ટળે તેને અશુદ્ધ નિશ્ચયનયથી નિર્જરા કહેવાય. એક શુદ્ધિની વૃદ્ધિ થાય તેને નિર્જરા કહેવાય.

✿ જ્ઞાયક તત્ત્વ વસ્તુ હૈ ઉસમેં તો સંવર નિર્જરા ઔર મોક્ષકી પર્યાયકી ભી અપેક્ષા નહિ, વો પર્યાય હૈ. દ્રવ્યમાં તો પર્યાય હૈ નહીં.

✿ સંવર નિર્જરા અને મોક્ષ યે પર્યાયના ભેખ છે. દ્રવ્યકા ભેખ તો (વેશ) દ્રવ્ય ત્રિકાળ જ્ઞાયક પ્રભુ (વોહી) ઉસકા ભેખ હૈ.

✿ દ્રવ્ય અને ગુણ ત્રિકાળી ધ્રુવ આનંદકંદ છે. હવે તારી વર્તમાન દશા જે બહિર્મુખ છે, એને અંતરમાં લઈ જા. એટલે દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને તારી પર્યાય પણ શુદ્ધ થશે.

✿ સંવર, નિર્જરા, મોક્ષકી પર્યાય-યે ભી નાશવાન હૈ. ક્યોંકિ એક સમય રહેતી હૈ ને! નિર્વાણ એટલે પૂર્ણ શાંતિની પ્રાપ્તિ એનું નામ નિર્વાણ.

✿ મોક્ષની પર્યાય પણ બહિર્તત્વ છે. સંવર નિર્જરા, કેવળજ્ઞાન-એ પણ બધા વિનાશિક તત્ત્વ છે. પર્યાય છે ને? એક સમયની પર્યાય છે.

કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે. ભાઈ! સંવર-નિર્જરા-સાચા સંવર હોં! મોક્ષનો માર્ગ-જે ત્રિકાળી દ્રવ્યને અવલંબીને જે સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય થઈ એ પર્યાય પણ એક અંશ છે, બદલતી છે. માટે નાશવાન છે. તેથી ત્રિકાળી અંતઃતત્ત્વની-ધ્રુવની અપેક્ષાએ એ બહિર્તત્વ છે.

✿ નિશ્ચયથી 'યે પૂર્ણાનંદ હૈ' ઐસા વિકલ્પ ભી નિશ્ચય કા વિકલ્પ હૈ. યે આશ્રવ હૈ અને નિર્વિકલ્પ અંદર નિશ્ચય હુઆ એ અનાશ્રવ અને સંવર હૈ.

✿ તને તારા ધર્મની પ્રાપ્તિ કરવી હોય તો (પોતે) આખો ભગવાન જે છે પૂર્ણ એના દર્શન કર. સમકિત કર, એનું જ્ઞાન કર, અને એમાં રમણતા-પરિણમન કર. જેમ શુભાશુભનું પરિણમન હતુ, તો બહારના ચિતરામણો બધા દેખાણા-સંયોગો. એમ જ્યારે તને સંવર અને નિર્જરાને કારણે દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપે પરિણમ તો (તને) સંવર નિર્જરા થઈ જશે.

✿ અંદર દર્શન-શ્રદ્ધા-ત્રિકાળી શ્રદ્ધાનો સ્વભાવ એનો છે. જ્ઞાન, ત્રિકાળી આણિન્દ્રિય એ અંદર છે. ચારિત્ર એટલે શાંતિ-અવિકારી-વીતરાગતા-એવો એનો ત્રિકાળી સ્વભાવ છે. એ શક્તિમાંથી એની શ્રદ્ધા, જ્ઞાન, રમણતા કરતા, એની શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થાય છે. ઓલું પ્રગટ થશે ધૂળ બહારનું શુભાશુભ આસ્રવથી અને આ સંવર નિર્જરાથી (પ્રગટ થશે) શક્તિમાં છે એ વ્યક્તરૂપે પ્રગટ થશે બહાર.

✿ નિર્જરા ત્રણ પ્રકારે છે. એક તો અશુદ્ધતાકા નાશ હોના અપની પર્યાયમેં અને અશુદ્ધતામાં નિમિત્ત રજકણ હૈ ઉસકા ભી નાશ હોના વો તો ઉસકે કારણસે હો અને એક શુદ્ધિકી વૃદ્ધિ હોના ઉસે ભી નિર્જરા કહેતે હૈ. નિર્જરાના ત્રણ પ્રકાર-દો અપનેમેં, ત્રીસરા કર્મમેં. અર્થાત્ અપનેમેં જ્યારે શુદ્ધતાકા લક્ષ હૈ. શુદ્ધતા ઊત્પન્ન હુઈ તો અશુદ્ધતાકા નાશ હુઆ ઉસકો ભી નિર્જરા કહનેમેં આતા હૈ ઔર વો સમયમેં કર્મકી પર્યાય ભી અપનેસે નાશ હોનેકી લાયકાત સે અકર્મ હોતી હૈ. યે ભી નિર્જરા નિમિત્તસે નિર્જરા ઔર શુદ્ધિકી વૃદ્ધિ હુઈ એ મૂળ નિર્જરા-એ અપનેમેં તાકાત હૈ. (કહેતે હૈ). 'શુદ્ધ' ઉત્પન્ન કરનેકી તાકાત આત્મામેં હૈ કે જેથી અશુદ્ધતાકા નાશ અને કર્મકા નાશ હોતા હૈ. કર્મકી જડકી પર્યાયકા નાશ આત્મા કરતે નહિ એમ અશુદ્ધતાકા નાશ નહીં કરતે. પણ

શુદ્ધતા ઉત્પન્ન હુઈ તો અશુદ્ધતા ઉત્પન્ન ન હુઈ ઉસકો (અશુદ્ધતાકા) નાશ કિયા ઐસા કહનેમેં આતા હૈ. ત્યારે કર્મ ભી ઉસકે કારણસે ત્યાં કર્મકી પર્યાય છૂટ કર અકર્મ પર્યાય હો ગઈ એ ઉસકે કારણસે. શુદ્ધકા નિમિત્ત હુઆ તે એમાં અશુદ્ધકર્મકા નાશ કિયા ઐસા વ્યવહારનયસે કહનેમેં આતા હૈ. વ્યવહાર નામ અસદ્‌ભૂત વ્યવહારનયસે, સંવરપૂર્વક નિર્જરાને વાસ્તવિક નિર્જરા કહેવામાં આવે છે.

✿ દર્શન, જ્ઞાન અને ચારિત્ર-વસ્તુનું દર્શન, વસ્તુનું જ્ઞાન અને વસ્તુની રમણતા-એવું પ્રગટ્યું તેને મોક્ષ તત્ત્વ કહ્યું છે.

✿ ઉગ્ર નિર્વિકલ્પ દશામેં મુક્તિ હૈ, મોક્ષ હોતા હૈ એ ઉગ્ર નિર્વિકલ્પ વીતરાગ દશા અંદર હોતી હૈ ત્યારે મુક્તિ થાય છે. વિકલ્પનો અંશ રહેતો નથી. અસ્થિરતાકા અંશ રહેતા નહીં હૈ. મુક્ત સ્વરૂપ હૈ, વસ્તુ હૈ તો મુક્ત સ્વરૂપ હી હૈ, યે મુક્ત સ્વરૂપ હૈ ઉસકા અનુભવ કરનેસે, સ્થિરતા (કરનેસે) ઉસમેં જમ જાનેસે ઉસમેંસે મુક્તિકી પર્યાય સિદ્ધકી આતી હૈ.

✿ પૂર્ણ અપરિમિત આનંદ આદિ સ્વભાવમાં એકાગ્ર થઈ રાગથી છૂટી વૈરાગ્યમાં આવી એ સાધન કર (તો) મુક્તિરૂપી અમૃત તને મળશે. તને મુક્તિ મળશે (એટલે) તું પૂર્ણ દુઃખથી છૂટી જઈશ. 'મુક્તિ' એટલે પૂર્ણ દુઃખથી છૂટી જઈશ અને પૂર્ણ આનંદની-અસ્તિત્વની પ્રાપ્તિ થશે. 'મોક્ષ' શબ્દમાં 'બંધનો અભાવ' બતાવે છે. અને 'અસ્તિ' તરીકે કહીએ તો પરમાનંદની પ્રાપ્તિ-આત્મલાભની-એનું નામ મોક્ષ.

✿ અતીન્દ્રિયનો નાથ ભગવાનનો અનુભવ થતા, પછી અતીન્દ્રિય આનંદમાં સ્થિરતા વધારતા આત્મારામ અંદરમાં રમતા રમતા જે હજી અસ્થિરતા હતી. વિકલ્પથી નિર્ણય કર્યો. નિર્વિકલ્પ અનુભવ થયો, છતાં હજી અસ્થિરતાના રાગ ભાગ હતા. એને હવે જે સ્વરૂપ જ્ઞાનમાં જણાયું છે એમાં સ્થિરતા કરી. એ સ્થિરતા વધારતા વધારતા જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. એ આનંદનો નાથ સાગર જ્યાં અનુભવમાં આવ્યો-અનુભવમાં એટલે એનો અનુભવ થયો. પર્યાયમાં એ ચીજ આવતી નથી. વીજળીનો જેમ કરંટ લાગે એમ પર્યાયમાં એનું જ્ઞાન થાય ત્યાં ઝણઝણાટ આનંદનો આવે એને અહીં નિર્વિકલ્પ દશા. અથવા તેને સમ્યક્‌દર્શન કહે છે અને એ સમ્યક્‌દર્શન પછી પણ જે વસ્તુ જ્ઞાનમાં જણાણી છે પ્રત્યક્ષ-એ

જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્થિરતા સ્થિરતા સ્થિરતા (થતાં) જામતાં જામતાં મોક્ષે જાય છે.

✿ મોક્ષ એ નિષ્કલંક નિર્મળ દશા. એ નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં નિષ્કલંક એટલે મેલ વિનાની-નિર્મળ મોક્ષ દશા પ્રગટ થાય. નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતા મોક્ષ ફળની પ્રાપ્તિ થાય એટલે નિષ્કલંક પરમાત્મા પોતે જ મોક્ષ સ્વરૂપ છે. સ્વભાવ એનો મોક્ષ સ્વભાવ જ છે. તેનું ધ્યાન કરતાં પર્યાયમાં પૂર્ણ પરમાત્માને પર્યાયમાં ધ્યાનમાં લેતા-મુક્ત સ્વરૂપ છે એનું ધ્યાન કરતા પર્યાયમાં મુક્ત પર્યાય થાય. મોક્ષની પ્રાપ્તિ તો નિષ્કલંક પ્રભુ! વ્યવહારના રાગ વિનાનો-પૂર્ણાનંદનો નાથ પ્રભુ-એનું ધ્યાન કરવાથી એને દૃષ્ટિમાં ધ્યેય બનાવતા-મોક્ષ પદની પ્રાપ્તિ થાય. જેની જે શક્તિ છે, સ્વભાવ છે તેનું ધ્યાન કરતાં એ સ્વભાવની પૂર્ણ નિર્મળ દશા-એવો જે મોક્ષ તેની પ્રાપ્તિ થાય છે.

✿ 'આત્મામાં જા' એ 'જા' નો અર્થ કે 'પર્યાયને ત્યાં વાળ' એમ. દ્રવ્ય ગુણ તો જે છે એ છે. પણ વર્તમાન પર્યાય છે તેને ત્યાં લઈ જા, તો એ ત્રણે સિદ્ધ થઈ ગયા-દ્રવ્ય, ગુણ અને પર્યાય.

✿ મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર દશા (એવી હશે) કે અંદર ગયા તે બહાર આવતા જ નથી. અંદરમાં ગયા, આનંદ સ્વરૂપમાં જામી ગયા અંદરમાં, એ બહાર-શુભ વિકલ્પમાં પણ આવતા નથી. અશુભમાં તો નહીં પણ શુભમાં પણ આવતા નથી કેમકે મહાવ્રતાદિના પરિણામ વિકલ્પ છે એ બંધનું કારણ છે. જગપંથ છે. એવો જે અંતર મોક્ષનો માર્ગ અંતરમાં જોયો છે ત્યાં આગળ નિહાળવા એની દશામાં અંદર ગયા તે ગયા. ચૈતન્યની જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ ત્રિપુટી ભૂલી અભેદમાં અંદર 'ગયા તે ગયા'.

✿ જે આ મુક્ત સ્વરૂપ ભગવાનની શ્રદ્ધા, જ્ઞાનમાં અને રમણતામાં આવ્યો એ મોક્ષ તત્ત્વ છે. મોક્ષનો માર્ગ છે એ મોક્ષ તત્ત્વ છે એમ કીધું છે. અહીંયા પૂર્ણ મોક્ષ એટલે પૂર્ણ પર્યાય. તેનો દેનાર નાથ તું જ છો. કારણ કે પૂર્ણ ભર્યું છે. તેમાંથી ઊછળે છે.

✿ પ્રભુ! તારી ઈશ્વરતા તારામાં છે. તારાથી તને સંવર, નિર્જરા પ્રગટ થાય છે. પ્રભુ! તારી પ્રભુતા તારો એ ગુણ છે, એ પ્રભુતાના કારણે તારો

જ્યાં સ્વભાવ સન્મુખ થાય છે ત્યારે પ્રભુતાના કારણે પ્રભુતાની પર્યાય-સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પ્રગટ થાય છે. એ નિશ્ચય મોક્ષ માર્ગ છે. એ મોક્ષમાર્ગ અંદર ધ્યાતા, ધ્યાન અને ધ્યેય જ્યાં મુકીને એકાકાર થાય ત્યાં પ્રાપ્ત થાય છે.

✿ જે કોઈ આત્માના આશ્રયે શુદ્ધિ-પુણ્ય પાપ વિનાના-ભાવની શુદ્ધિ થઈ એ શુદ્ધિની વૃદ્ધિ માટે પ્રયત્ન છે એટલે નિર્જરા છે. સ્વભાવ તરફનો પુરુષાર્થ છે. સંવર જેની દશા કહો એ શુદ્ધ ચૈતન્ય મૂર્તિને અવલંબે પુણ્ય પાપના આશ્રય રહિત દશા જે થઈ એમાં સમયે સમયે શુદ્ધિની વૃદ્ધિ છે. એનો તરફનો પુરુષાર્થ છે જ. એને જાળવવા માટે નવો પુરુષાર્થ ઊભો કરવો પડે એમ છે નહિ.

✿ જ્ઞાનીને અકામ નિર્જરા હોય છે. સકામ, અકામ, સવિપાક, અવિપાક-ચાર બોલ લીધા છે. જેને તો છે નહીં દૃષ્ટિ આત્મા પર પ્રભુ, એમાં રોકાઈ ગયો. ધંધામાં ક્યાંક, ચાર-છ કલાક ભૂખ્યો રહ્યો, પેટમાં ન લીધું, પાણી પણ નહિ. તો એને અકામ નિર્જરા કહે છે.

✿ પરમ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ—આત્માના સ્વભાવની પૂર્ણતાની પ્રાપ્તિ લાભ એ મોક્ષ. મોક્ષરૂપી પરમાનંદ મંદિર-એ પરમાનંદ રૂપી મંદિર હૈ. વાર ક્યા? અંદર જાનેકા બારણા-બારણા ક્યા? દરવાજા એ સામ્યભાવ હૈ. રાગકા કણ ભી ઉસમેં પ્રવેશ કર શકે ઐસી તાકાત નહિ. આ મોક્ષકા ઉપાય એ દ્વાદશાંગ ભાવ હૈ. ક્યોંકિ પ્રભુ જિનસ્વરૂપી, સામ્યભાવ સ્વરૂપી હૈ આત્મા-આત્મા હૈ તે જિનસ્વરૂપી હૈ “ઘટ ઘટ અંતર જિન વસે” એ જિનસ્વરૂપી આત્મા હૈ, સામ્ય સ્વરૂપ હી હૈ આત્મા, ત્રિકાળ વીતરાગ સ્વરૂપ હી હૈ આત્મા ત્રિકાળ, એ સામ્ય અને વીતરાગ સ્વરૂપકા આશ્રય લેકર-જો શક્તિમેં સે વ્યક્તતા-વીતરાગતા હુઈ એ વીતરાગતા પરમાનંદરૂપી મોક્ષ ઉસકા દ્વાર હૈ.

✿ ‘મૈં નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ હૂઁ’ ઐસા અનુભવ હુઆ તો યે અનુભૂતિ જો હૈ. વહ મોક્ષકા કારણ હૈ, તો સાથમેં રાગ આયા ઉસકો આરોપ કરકે પરંપરા એટલે પીછે છોડાકર સ્થિરતા હોગી એ માટે પરંપરા સમ્યક્દૃષ્ટિકો પરંપરા કારણ કહા હૈ. અજ્ઞાની જે વ્રત અને તપ અને ભક્તિ ને પૂજા એવો ભાવ હૈ એ પરંપરા કલ્યાણકા કારણ હૈ યે બિલકુલ જૂઠ હૈ.

✿ એકવાર ભગવાન ઐસે કહે કે 'જ્ઞાનીકો ભોગ નિર્જરાકા હેતુ હૈ', ભોગ નિર્જરાકા હેતુ હૈ? ભોગ તો રાગ હૈ ને, દુઃખ હૈ, પણ દૃષ્ટિના જોર બતાના હૈ કે દૃષ્ટિ કા જોર શુદ્ધ દ્રવ્ય પર હૈ, વો કારણે ભોગકા ભાવ આયા પણ ઉસકા બંધ અલ્પ હોગા ઉસકી ગણતરી ન કરકે દૃષ્ટિકી પ્રધાનતા સે ભોગોકો નિર્જરા કહા. ભોગ નિર્જરા હોય તો ભોગ છોડકર મુનિપણા લેના એ રહેતે નહીં.

✿ નિશ્ચય વ્રત તો સ્વરૂપની સ્થિરતા હૈ. એ વિકલ્પ નહીં અંદર. આનંદ સ્વરૂપમાં સ્થિરતા જામતી હૈ એ નિશ્ચય વ્રત-વીંટાઈ જાતા હૈ. આનંદ સ્વરૂપમાં એકાકાર હો જાતા હૈ. ઉસકા નામ નિશ્ચયવ્રત હૈ. યે તો સંવર અને નિર્જરા હૈ.

✿ હૈ તો અપની ચીજ. પ્રાપ્તકી પ્રાપ્તિ કરના હૈ. હૈ ઉસકો પ્રાપ્ત કરના હૈ. નહીં હૈ ઉસકો પ્રાપ્ત કરના હૈ? રાગકો એકાકાર કરો, કભી તો રાગ અપના હો જાયેગા? પરમાણુ અપના કરનેકા પ્રયત્ન કરે તો પરમાણુ અપના હો જાયેગા? આ (આત્મા) તો અપની ચીજ હૈ અંદર. પ્રેમસે અંદરમાં ગયે ઉસકો અંતર સંસ્કારસે ભવિષ્યમાં મુક્તિ હોગી, એ બંધનને કાટ ડાલેગા. અને અબંધ સ્વભાવ ભગવાન આત્માકા પ્રયત્ન કરેગા.

✿ ધર્મી જીવ ઉદય અને નિર્જરા બેયને જાણે (છે). આવે છે ને? બંધ અને મોક્ષને જાણે, ઉદયને કરે નહિ, નિર્જરાને કરે નહિ, બંધને કરે નહિ, અને મોક્ષને કરે નહિ.

✿ રાગને ટાળે 'એ કરે નહિ' એમ કહે છે. રાગના ત્યાગનું કર્તાપણું તો નામ માત્ર છે. જ્ઞાનીને રાગ થાય છે, તેને એ જાણે છે. જાય છે તેને જાણે છે. 'થાય છે' તે ઉદયભાવ છે એને જાણે છે. 'જાય છે' એ 'નિર્જરા' ભાવ છે એને પણ જાણે છે. નિર્જરા કરતો નથી.

✿ પર્યાય જ્ઞાયકને જાણતી નહોતી. પર્યાય પર્યાયને જાણતી અને રાગને જાણતી, એથી તેને જ્ઞાયક ઢંકાઈ ગયો એમ એની પર્યાયમાં આવ્યો નહિ. એટલે 'ઢંકાઈ ગયો'. અને જ્ઞાનની પર્યાય અંતરમાં વાળતા પર્યાયમાં જ્ઞાયક જણાણો એ 'જ્ઞાયક પ્રગટ થયો' એમ કહેવામાં આવે છે.

✿ પૂર્ણ દશાને સાદિ અનંત કાળ પર્યંત પ્રતિ સમય પૂરા અમૃત પીયા જાતા

હૈ ઔર ઘટ ભી સદા પરિપૂર્ણ ભરા રહેતા હૈ. ઘટમેં સે પરિપૂર્ણ પર્યાય અમૃતકી આઈ તો ભી ઘટ તો પૂર્ણ ભરા હૈ. ઘટમેં ઘટ (કમી) કભી હુઆ હૈ? ઘટમેં ઘટ નહીં હુઆ હૈ.

✿ ભગવાન આત્મા શુદ્ધ પરિપૂર્ણ છે એને ઊંડે ઊંડે જઈને જેણે તળિયા લીધા છે. એની પરિણતિમાં શાંતિ, શાંતિ, શાંતિ, શુદ્ધ ઉપયોગની વૃદ્ધિ થઈ છે શુદ્ધની-એને પણ અહીંયા એક અપેક્ષાએ નિર્જરા કહી છે, પોતાની અસ્તિત્વની-પોતાનું અસ્તિત્વ છે તે એટલું પર્યાયમાં વધી ગયું છે. શુદ્ધિની વૃદ્ધિ. તેને નિર્જરા કીધી છે. અશુદ્ધ ખરે છે તે તો અશુદ્ધનય-વ્યવહારનયથી, કહેવાય છે. એ અશુદ્ધને ટાળે છે એ વસ્તુને નામમાત્રથી (કહેવાય) આત્મા રાગને ટાળે છે, નાશ કરે છે, એ નામ માત્ર છે. આનો ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગથી જ્યાં જાય છે અંદર તેથી તેટલા પ્રમાણમાં રાગની ઉત્પત્તિ થતી નથી. તે રાગનો નાશ કર્યો એ વ્યવહારના કથનથી કહેવામાં આવે છે. બાકી તો જ્ઞાન સ્વરૂપ રાગરૂપે થયું જ નથી જ્યાં. દ્રવ્ય (રાગરૂપે) થયું નથી. તેની પરિણતિમાં રાગરૂપે થયો જ નથી.

✿ મોક્ષની ઈચ્છા છે એ પણ મોક્ષને રોકે છે. ખરેખર તો વસ્તુની દૃષ્ટિ થતાં, અનુભવ થતા, સાધક થતા એને (જ્ઞાનીને) 'હું મોક્ષ કરું' એવું પણ એની ભાવનામાં નથી. કર્તા બુદ્ધિ નથી. 'હું જ્ઞાયક ત્રિકાળ છું', એમાં સ્થિરતા કરવાનો પ્રયત્ન કરે છે તે અને મોક્ષની પર્યાય તો થવા કાળે થઈ જશે જ. સમ્યક્દર્શન થયું. આત્માનું (જ્ઞાન) થયું પછી 'હું આ કરું અને આ કરું', આ પરિણામ એ બુદ્ધિ (એવી માન્યતા) નથી એને (જ્ઞાનીને)

✿ મૂળ તત્ત્વની વાત છે. જેનાથી જન્મ મરણ મટે અને જન્મ મરણ રહિત દશા પ્રગટ થાય એવું સમ્યક્દર્શન. એનો વિષય પૂર્ણાનંદનો નાથ-પ્રભુ! એને જાણીને પ્રતીતિમાં લીધો કે 'આ આત્મા.' એના કલ્યાણની શરૂઆત થઈ ગઈ, દુઃખના અભાવની શરૂઆત થવા માંડી, એ પૂર્ણાનંદના નાથને પૂર્ણ અવલંબીને ઠરશે અને એટલે પૂર્ણ દુઃખનો નાશ થશે. મોક્ષ એટલે દુઃખનો નાશ થશે અને મોક્ષ એટલે પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે.
(પ્રમાણ વચન ગુરુદેવ)